રાજયમાં ૨૪ કલાકમાં ૧૧૯૦ કેસ, ૧૭ના મૃત્યુ

૧૪૮૬૪ એક્ટિવ કેસ : છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદ કોર્પોરેશનમાં ૧૪૩ અને અમદાવાદમાં ૨૦ કેસ નોંધાયા : કુલ મૃત્યુઆંક ૨૯૬૪

ગાંધીનગર,તા.૨૭

રાજયમાં ૨૪ કલાકમાં ૭૬,૨૨૭ ટેસ્ટ કરોનાના કરવામાં આવતા ૧૧૯૦ પોઝિટિવ કેસ નોંધાયા હતા. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૯૧ હજારને પાર થઈ ૯૧૩૨૯ થયો છે.રાજયમાં આજે ૧૧૯૩ દર્દી ડિસ્ચાર્જ કરાયા હતા. કુલ ડિસ્ચાર્જનો આંકડો ૭૩ હજારને પાર થઈ ૭૩૫૦૧ થયો છે.રાજયમાં આજની સ્થિતિએ ૧૪૮૬૪ એક્ટિવ કેસ છે. જેમાં ૯૧ વેન્ટીલેટર અને ૧૪,૭૭૩ સ્ટેબલ છે. રાજયમાં અત્યાર સુધીમાં ૧૯,૬૯,૭૨૪ ટેસ્ટ કોરોનાના કરવામાં આવ્યા છે.

રાજયમાં આજની સ્થિતિએ ૪,૮૧,૦૦૨ વ્યક્તિઓને ક્વોરોન્ટાઈન કરાયા છે. જે પૈકી ૪,૮૦,૩૩૮ વ્યક્તિઓ હોમ ક્વોરોન્ટાઈન અને ૫૭૧ ફેસીલીટી ક્વોરોન્ટાઈન કરાયા છે. આરોગ્ય વિભાગની યાદી મુજબ કોવિડ-૧૯ના લીધે ૧૭ મોત થયા છે. જેમાં અમદાવાદ કોર્પોરેશનમાં ૩, સુરત કોર્પોરેશનમાં ૩ અને ગ્રામ્યમાં ૨, રાજકોટ કોર્પોરેશનમાં ૨ અને ગ્રામ્યમાં ૧, વડોદરા કોર્પોરેશનમાં ૧,અમરેલી, આણંદ, કચ્છ, પાટણ અને વલસાડમાં ૧-૧ મોત કોરોનાને લીધે થયા છે.

અમદાવાદ શહેરમાં ૧૪૩ અને જિલ્લામાં ૨૦ સાથે ૧૬૩ કેસ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૩૦૮૪૮ થયો છે. આજે વધુ ૩ મોત સાથે કુલ મૃત્યુઆંક ૧૭૦૦ થયો છે. સુરત શહેરમાં ૧૬૯ અને જિલ્લામાં ૮૯ સાથે ૨૫૮ કેસ કોરોનાના નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો સુરતમાં ૧૯૪૦૬ થયો છે. આજે વધુ ૫ મોત નોંધાતા મૃત્યુઆંક ૬૧૮ થયો છે.

વડોદરા શહેરમાં ૮૯ અને જિલ્લામાં ૩૪ સાથે ૧૨૩ કેસ કોરોનાના નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૭૬૮૫ થયો છે. આજે વધુ ૧ મોત સાથે ૧૨૫ મોત થયા છે. રાજકોટ શહેરમાં ૬૬ અને જિલ્લામાં ૩૦ સાથે ૯૬ કેસ કોરોનાના નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૪૩૩૯ થયો છે. આજે વધુ ૩ મોત નોંધાતા કુલ મૃત્યુઆંક ૮૫ થયો છે.

સારા સંસ્કારનું ઉત્તમ ઉદાહરણ મેઘરજના સ્વર્ગસ્થ પીઢ પત્રકાર દિલીપભાઈ સોનીના પરિવારે પુરૂ પાડયુ છે

જન્મ અને મરણ એ કુદરતી ક્રમ હોય છે દરેક મનુષ અને જીવ જેમનો જન્મ થયો હોય તેનું મૃત્યુ નિશ્ચિત હોય છે અને તે પણ કુદરતના હાથમાં પણ પોતાના સત કર્મોથી દરેક વ્યક્તિ પોતાની એક આગવી ઓળખ ઉભી કરી અને મૃત્યુ બાદ તેને ઓળખવામાં આવે છે. ત્યારે આવો જ એક કિસ્સો મેઘરજના પીઢ પત્રકાર દિલીપભાઈ સોની ગુજરાત સમાચારમાં ૪૫ વર્ષથી પત્રકારીત્વ કરતા હતા અને તેમને કેટલાય ગરીબો આદિવાસીઓ અને અભણ પરિવારો માટે એક પત્રકારત્વના માધ્યમથી અનેક સરકારી યોજનાઓનો લાભ આપાવ્યો હતો તેમજ ખુબજ સાદગીથી પોતાનું જીવન વિતાવ્યું અને અંતિમ શ્વાસ સુધી પત્રકારત્વ કરતા ત્યારે બાળકો પણ તેમને ના પાડતા હતા કે હવે મુકો એક તરફ અને આરામ કરો છતાં તેમને છેલ્લે છેલ્લે પણ મીડિયાના બે મિત્રોને દોસ્ત તું મને તારા હાથે પાણી તો પીવડાવે તો ખૂબ સારું તેમ કહી તેમની યાદો અને તેમને સંચય કરેલા સંસ્કારો આજે તેમના બાળકોએ એક ઉત્તમ ઉદાહર રૂપ પૂરું પડ્યુ હતું.

કોઈપણ વ્યક્તિનું નિધન થાય તો પરિવારજનો તેમની યાદસ્વરૂપે જુદા જુદા પ્રકારની ભેટ પુસ્તકો કે બિસકીટ ચોકલેટ આપાતા હોય છે પણ મેઘરજના પીઢ પત્રકાર સ્વર્ગસ્થ દિલીપભાઈ સોનીનું થોડાક સમય પહેલા દેહાંત થયુ હતુ. એમના પરિવારે મળવા આવતા શુભેચ્છકો મિત્રો સગા સબંધીઓને ધાર્મિક પુસ્તકની સાથે સાથે માસ્કનું પણ વિતરણ કર્યું. આવા ઉમદા વિચાર પાછળનો હેતુ એટલો હતો કે આવનાર કોઇ પણ વ્યક્તિ કોરોના જેવી મહામારીમાં સંક્રમિત ન થાય અને રોગનો ભોગ ના બને તે માટે ઉમદા વિચાર કર્યો છે જે વર્તમાન સંજોગોમાં પરિવારનો આ વિચાર સમાજ માટે ખૂબ જ પ્રેરણારૂપ અને આવકાર દાયક બની રહ્યો છે. પત્રકાર સંઘ દ્વારા તેમના પરિવારને શોક સંદેશો આપી તેમને પડખે ઉભો રહેવા માટેનો દિલાસો આપતો પત્ર આપ્યો હતો.

માલપુરના વાત્રક બ્રિજ પાસે ટાયર ફાટતા ઈકો કાર ડિવાઈડર સાથે ભટકાઈ પલટી

મોડાસા, તા. ૨૭

ચોમાસાની ઋતુમાં અરવલ્લી જીલ્લાના માર્ગો ચિથરેહાલ થતા અકસ્માતની ઘટનાઓ સતત બની રહી છે. માલપુર-ગોધરા હાઈવે પર વાત્રક બ્રિજ પાસેથી રમ રમાટ પસાર થતી ઈકો કારનું ટાયર ફાટતા કાર ચાલકે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા ડિવાઈડર સાથે અથડાઈ પલટી જતા અકસ્માત સર્જાયો હતો જેમાં એક વ્યક્તિન શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતો. અકસ્માતના પગલે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ગુરુવારે બપોરના સુમારે શામળાજી-ગોધરા ધોરીમાર્ગ પર માલપુર નજીક આવેલ વાત્રક બ્રિજ નજીક પસાર થતી ઈકો કારનું ટાયર ફાટતા રોડ પર રહેલા ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાઈ પલટી જતા ઈકો કારમાં રહેલા મુસાફરોએ ચિચિયારીઓ કરી મુકતા વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. અકસ્માતના પગલે આજુબાજુથી લોકો મદદ માટે દોડી આવ્યા હતા કારમાં સવાર એક વ્યક્તિના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે મોડાસા દવાખાને ખસેડાયો હતો. કારમાં સવાર અન્ય ૬ લોકોના શરીરે ઈજાઓ પહોંચતા પ્રાથમિક સારવાર લીધી હતી. અકસ્માતની ઘટનાના પગલે ટ્રાફિક સર્જાતા અકસ્માતના પગલે દોડી આવેલ પોલીસે ટ્રાફિક પુર્વરત કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ધાનેરા નગરપાલિકામાં નવનિર્વાચિત પ્રમુખ - ઉપપ્રમુખે ચાર્જ સંભાળ્યો

ધાનેરા નગરપાલિકાની પ્રથમ ટર્મ પૂરી થતા તો બીજી ટર્મ માટે ચૂંટણી યોજાઈ હતી જેમાં પ્રમુખ તરીકે કોંગ્રેસના જગલબેન કાનાજી ઠાકોર વિજય બન્યા હતા અને ઉપપ્રમુખ તરીકે કોંગ્રેસના શંકરભાઈ સવાભાઈ પટેલ વિજયી બન્યા હતા અને નગરપાલિકા પર કોંગ્રેસે સત્તા મેળવી હતી ત્યારબાદ આજે આ બંને પ્રમુખ અને ઉપપ્રમુખે નગરપાલિકાનો ચાર્જ સંભાળ્યો છે નગરપાલિકા પ્રમુખ અને ઉપપ્રમુખે શાસ્ત્રોક્ત વિધિથી પૂજા અર્ચના કરી નગરપાલિકાનો ચાર્જ સંભાળ્યો છે અને સૌપ્રથમ નગરપાલિકામાં રામાપીરના નેજા ચડાવી ચાર્જ સંભાળ્યો છે ત્યારે ધાનેરામાંથી પણ મોટી સંખ્યામાં લોકોએ હાજર રહી પ્રમુખ અને ઉપપ્રમુખને શુભકામનાઓ પાઠવી છે તો બીજી તરફ પ્રમુખ અને ઉપપ્રમુખ કે ધાનેરાનો સારો એવો વિકાસ કરવાની પણ ખાતરી આપી છે સાથે સાથે કોંગ્રેસ પક્ષે પણ તેમના પર વિશ્વાસ મૂકી નગરપાલિકાની સત્તા પર બિરાજમાન કર્યા છે તે બદલ કોંગ્રેસ પક્ષના અગ્રણીઓનો પણ આભાર માન્યો હતો.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની બદલી થતાં વિદાય અપાઈ

અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી એ. કે. મોઢપટેલની મહેસાણા જિલ્લા શિક્ષણાધિકારી તરીકે બદલી થતાં બુધવારે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરીમાં સાહેબની વિદાયની ઘડીએ પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ-અરવલ્લી ટીમ ઉપસ્થિત રહીને સાહેબનું શાલ અને પુસ્તક આપી સન્માન કરવામાં આવ્યું હતું. અરવલ્લી જિલ્લામાં સાહેબે શિક્ષણ ક્ષેત્રે ખૂબ જ પ્રસંશનીય કરેલ કામગીરીને યાદ કરી સાહેબને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ, અરવલ્લી જિલ્લાના અધ્યક્ષ મિનેષભાઈ પટેલ સહિત જિલ્લા અને તાલુકાના હોદ્દેદારો જતિનભાઈ પટેલ, પ્રજ્ઞેશભાઈ શર્મા, રવિભાઈ રાઠોડ, સુનિલભાઈ બ્રહ્મભટ્ટ, રિતેશભાઈ પટેલ, ધર્મેશભાઈ પરમાર, વિનોદભાઈ પટેલ, પાર્થભાઈ બ્રહ્મભટ્ટ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતને કેન્દ્ર પાસે જીએસટી પેટે ૧૨ હજાર કરોડ લેવાના થાય છે : નીતિનભાઈ પટેલ

ગાંધીનગર, તા. ૨૭

નાયબ મુખ્યમંત્રી શ્રી અને નાણાંમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે, દેશમાં પ્રવર્તી રહેલ કોરોનાની મહામારી સંદર્ભે લોકડાઉન અંતર્ગત કેન્દ્ર અને રાજ્ય સરકારની આવકમાં ઘટાડો થયો છે. અનલોક થતાં વેપાર ઉદ્યોગ ધીમે ધીમે પૂર્વવત થઈ રહ્યો છે એવા સંજોગોમાં ૨.જી,. કાયદા અંતર્ગત કેન્દ્ર સરકાર પાસેથી તમામ રાજયોને લેવાનું થતું વળતર કેન્દ્ર સરકાર લોન લઈને ચૂકવી આપે એવું સૂચન મોટા ભાગના રાજયોએ કર્યુ છે.

આજે ગાંધીનગર ખાતેથી વીડિયો કોન્ફરન્સના માધ્યમ દ્વારા કેન્દ્રીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમનની ઉપસ્થિતિમાં યોજાયેલી ૨.જી,. કાઉન્સીલની બેઠકમાં સહભાગી થતાં નાયબ મુખ્યમંત્રી શ્રી પટેલે ઉમેર્યુ કે, તમામ રાજયોની વળતર મેળવવા સંદર્ભે રજૂઆત હતી કે કેન્દ્ર સરકાર આ માટે લોન મેળવે અને લોનની રકમ આવે એ રકમ વિવિધ રાજયોને ચૂકવી આપે અને લોનની રકમ તથા વ્યાજ સેસની રકમમાંથી ચૂકવવા માટે એક સૂરથી તમામ રાજયોએ કહ્યું હતું અને સેસ ઉઘરાવવાની મુદત પણ જરૂર જણાય તો લંબાવવા માટે જણાવ્યું હતું.

શ્રી પટેલે કહ્યું કે જીએસટીનું વળતર રાજય એક સાથે તમામ રકમ મેળવવા માગતા હોય તો તે માટે કેન્દ્ર દ્વારા બે સૂચન કરાયા છે. જેમાં મંદીના કારણે આવક ઓછી થઈ હોય અને કોરોનાના કારણે આવક ઓછી થઈ હોય તો તે અંગે તમામ રાજયો પાછળથી વિચારીને અભિપ્રાય આપે એ જરૂરી છે.

તેમણે કહ્યું કે કેન્દ્ર સરકારના મહેસુલ સચિવ શ્રી દ્વારા વિસ્તૃત પ્રેઝન્ટેશન રજૂ કરાયું હતું. જેમાં ઈંક્મટેક્ષ અને મહેસૂલી આવકમાં ઘટાડો થયો છે એવું સ્પષ્ટ જણાવ્યું હતું. આ માટે કેન્દ્ર સરકાર દ્વારા તમામ રાજયોને બે દિવસમાં વિકલ્પ મોકલી અપાશે. એટલે જે તે રાજયો તેમની વસતી અને ખર્ચ મુજબ પોતાનો મત રજૂ કરશે. આગામી સાત દિવસમાં તમામ રાજયોએ પોતાનો વિકલ્પ પસંદ કરવાનો રહેશે. ત્યારબાદ ૨.જી,. કાઉન્સિલ એ વિકલ્પનો સંપૂર્ણ અભ્યાસ કર્યા બાદ રાજયોને સહાય આપવાનો યોગ્ય નિર્ણય કરશે.

શ્રી પટેલે કહ્યું કે કેન્દ્ર સરકાર દ્વારા વિવિધ રાજયોને વળતર પેટે અંદાજે રૂ. ૩ લાખ કરોડ જેટલી રકમ આવનાર સમયમાં વળતર પેટે વિવિધ રાજયોને આપવાની થાય છે. ગુજરાતને પણ રૂ. ૧૨ હજાર કરોડનું વળતર લેવાનું થાય છે. આ સંદર્ભે કાઉન્સિલે સૂચવ્યા મુજબ રાજયના નાણા સચિવ અને જીએસટીના ચીફ કમિશનરશ્રી સાથે પરામર્શ કર્યા બાદ ગુજરાત સરકારે કયો વિકલ્પ આપવો એ અંગે નિર્ણય કરવામાં આવશે તેમ તેમણે ઉમેર્યુ હતું.

શહેરમાં કોરોના... ● છેલ્લા પાનાનું ચાલુ

અને નાયબ સેક્શન અધિકારીનો પણ સમાવેશ થાય છે.

આજે પણ શહેરમાં સૌથી વધુ કન્ટેનમેન્ટ ઝોન ધરાવતા સે. ૨૬ માંથી ૩, સે. ૨૪ માંથી ૨, સે. ૧૯ માંથી ૨ ઉપરાંત જી.ઈ.બી. કોલોની, સે. ૧૪, સે. ૨૧, સે. ૩૦, સે. ૨૯, સે. ૧૨, સે. ૨૩ માંથી કેસો મળી આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨૩ માંથી એક ૭૧ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વૃદ્ધને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ આ વૃદ્ધના પરિવારના બે સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૪ માંથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. મળતી વિગતો પ્રમાણે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયામાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે સેવારત અને સે. ૨૪ માં રહેતા એક ૨૫ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાનને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ આ યુવાનના પરિવારના બે સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૪ માં રહેતા અને મુંબઈ ઈલેકટ્રીક કંપનીમાં નોકરી કરતા એક ૪૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મેનેજરને ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ મેનેજરના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

અત્યંત સંવેદનશીલ બનેલ સેક્ટર-૨૬માંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. તંત્રએ આ સેક્ટરમાં સર્વેલન્સ સઘન બનાવવા સાથે કન્ટેનમેન્ટ ઝોનના અમલીકરણને કડક પણ બનાવ્યુ છે.

સે. ૨૬ માંથી એક ૬૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ આ દર્દીના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણનો વેપાર કરતા અને સે. ૨૬ માં રહેતા એક ૩૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તંત્રએ આ યુવાનને પણ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરેલ છે. તંત્રએ આ દર્દીના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૬ માંથી એક ૫૩ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ ગૃહીણીના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૧૯ માં આજે એક સાથે બે કેસ નીકળતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે. વી.આઈ.પી. ગણાતા સેક્ટરમાં કેસોની સંખ્યા વધી રહી છે તંત્રએ અહિ સઘન સર્વેલન્સની સૂચનાઓ આપી છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૧૯ માંથી એક ૨૧ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ દર્દીના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. સે. ૧૯ માં જ રહેતા એક આઈપીએસ અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તંત્રમાં સન્નાટો વ્યાપી ગયો છે. આઈ.એ.એસ. અધિકારી પછી હવે આઈ.પી.એસ. અધિકારી સંક્રમિત થયા છે. ૩૯ વર્ષની વય ધરાવતા આ અધિકારીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ આ અધિકારીના પરિવારના બે સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૧૪ માંથી એક મીકેનીકલ ડિઝાઈનરનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૨૬ વર્ષીય આ યુવાનને તંત્રએ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડ્યો છે. તંત્રએ તેના પરિવારના બે સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

અમદાવાદ પોલીસમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા ૩૩ વર્ષીય જવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૨૧ માં રહેતા આ જવાને હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ જવાનના પરિવારના બે સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૩૦ માંથી એક ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ ગૃહીણીના પરિવારના ૨ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

યુજીવીસીએલમાં નાયબ સેક્શન અધિકારી તરીકે સેવારત અને જી.ઈ.બી. કોલોનીમાં રહેતા એક ૩૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરી તંત્રએ આ દર્દીના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સેક્ટર-૧૨ માંથી એક ૪૯ વર્ષીય પોલીસ કોન્સ્ટેબલનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ કોન્સ્ટેબલને સારવાર માટે એપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ આ જવાનના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

જુના સચિવાલયમાં આવેલ આરોગ્ય કમિશનરની કચેરીમાં સિની. ક્લાર્ક તરીકે ફરજ બજાવતા અને સે. ૨૯ માં રહેતા એક ૨૯ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાને હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ યુવાનના પરિવારના ૧ સભ્યને હોમ ક્વોરોન્ટાઈન કરેલ છે.

શહેરમાં નોંધાયેલા કેસો પૈકી ૧૪૦ થી વધુ દર્દીઓ હાલ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. તંત્રએ આજે શહેરમાં આજે વધુ ૩૫૪ લોકોનો ક્વોરોન્ટાઈન હેઠળ મુક્યા છે.

ગ્રામ્યમાં કોરોના... ● છેલ્લા પાનાનું ચાલુ

મગોડી ગામેથી પણ ૬૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ગાંધીનગર તાલુકામાં સેમી અર્બન વિલેજ ઉપરાંત અન્ય ગામોમાં જે કેસ નોંધાયા છે તેણે તંત્રની ચિંતામાં વધારો કર્યો છે તેમજ આરોગ્યની સેવાઓમાં કેટલુ તંત્ર ઉદાસીન હતુ તેની પોકળતા છતી થાય છે.

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં આજે કોરોનાના વધુ બે કેસ નોંધાયા છે. હાલીસા ગામેથી એક ૬૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે તો દહેગામ અર્બનમાંથી પણ એક કેસ મળી આવેલ છે બન્ને દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

માણસા તાલુકાના રામપુરા ગામેથી એક ૧૬ વર્ષીય વિદ્યાર્થીનો કોરોનાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તો અર્બન વિસ્તારમાંથી પણ આજે બે કેસ મળી આવેલ છે. માણસા અર્બનમાંથી ૩૫ વર્ષના પુરૂષ, ૪૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. માણસા તાલુકામાં કોરોનાના કેસોની સંખ્યા ૨૦૦ના આંકને પાર કરી ગઈ છે. જેમાં શહેરના કેસોની સંખ્યા ૭૫ થઈ છે. તંત્રએ અહિ સઘન સર્વેલન્સની સૂચનાઓ આપી છે.

કલોલમાંથી આજે શહેરી વિસ્તારમાંથી જ બે કેસ મળી આવ્યા છે. જેમાં અર્બન-૧ ના વિસ્તારમાંથી ૫૦ વર્ષીય મહિલા અને અર્બન ૨ વિસ્તારમાંથી ૪૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગાંધીનગર અને કલોલ તાલુકામાં કોમ્યુનીટી ટ્રાન્સમિશન થઈ ગયાની વાતોનો આડકતરો એકરાર તંત્ર કરી રહ્યુ છે. આ બન્ને તાલુકામાં કેસોની સંખ્યા જે રીતે વધી રહી છે તેને લઈ તંત્ર આમ તો ચૂપકીદી સેવી રહેલ છે અને જે એન્ટીજન ટેસ્ટ કરવામાં આવે છે તેમાં મળેલા પોઝીટીવ દર્દીના આંકડા જાહેર કરવામાં આવતા નથી.

જિલ્લા તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૦ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૩૧૨ દર્દીઓ સંપૂર્ણ સાજા થઈ ગયા છે.

જિલ્લાતંત્રના સૂત્રોના જણાવ્યા પ્રમાણે જિલ્લામાં હાલ ૧૪૪ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ક્વોરોન્ટાઈન કરાયેલ લોકોની સંખ્યા ૧૭,૩૫૮ છે.

૨.૩૫ લાખ કરોડ... ● પહેલા પાનાનું ચાલુ

રૂપિયા હતા, જ્યારે રાજ્યોનો ૧.૬૫ લાખ કરોડ રૂપિયાની ચૂકવણી કરવામાં આવી છે.

નાણાંમંત્રીની આગેવાની કરવામાં આવેલ બેઠકમાં ઘણા બધા નિર્ણય લેવામાં આવ્યા છે. નાણામંત્રીએ કહ્યું કે પાંચ કલાક સુધી ચાલેલી આ બેઠક બાદ રાજ્યોને બે વિકલ્પ આપવામાં આવ્યા છે. કેન્દ્ર પોતે ઉધાર લઈને રાજ્યોને વળતર આપે કે પછી ઈંર્ પાસેથી ઉધાર લેવામાં આવે. આજની બેઠકમાં સામે આવ્યું કે કેન્દ્ર અને રાજ્યોની કમાણી ખૂબ ઘટી ગઈ છે ત્યારે કેન્દ્ર કહી રહ્યું છે કે રાજ્ય બજારમાંથી દેવું લઈ લે જ્યારે રાજ્યો કહી કહી રહ્યા છે કે આ કામ કેન્દ્ર કરે.

રાજ્યોને આપવાના વળતર પર બે વિકલ્પ આપવામાં આવે. પહેલો વિકલ્પ છે કે રાજ્યોને રિઝર્વ બેંક પાસેથી ૯૭૦૦૦ કરોડ રૂપિયાનું સ્પેશીયલ દેવું આપવામાં આવે જેના પર વ્યાજ ઓછો હશે અને બીજો વિકલ્પ છે કે ૨.૩૫ લાખ કરોડ રૂપિયાનો ગેપ રાજ્યો દ્વારા રિઝર્વ બેંકની મદદથી વહન કરવામાં આવે. જેના માટે રાજ્યોને સાત દિવસ વિચારવાનો સમય આપવામાં આવ્યો છે. આ બે વિકલ્પ પર બધા રાજ્યો સાત દિવસમાં પોતાની સલાહ આપશે. એટલે સાત દિવસ બાદ ફરીથી એક બેઠક થશે. નોંધનીય છે કે આ છૂટ માત્ર આ વર્ષ માટે જ છે એપ્રિલ ૨૦૨૧માં ફરીથી કાઉન્સિલની મિટિંગ થશે અને નિર્ણય લેવામાં આવશે.

આ બે વિકલ્પ માત્ર આ વર્ષ માટે જ લાગુ કરવામાં આવ્યા છે. આવતા વર્ષે એપ્રિલ મહિનામાં ફરીથી સમીક્ષા કરવામાં આવશે. વિત્ત સચિવે કહ્યું કે કોરોના વાયરસના કારણે ચાલુ નાણાંકીય વર્ષમાં જીએસટી કલેક્શનમાં ૨.૩૫ લાખ કરોડ રૂપિયાનો ઘટાડો આવ્યો છે.

કોર્પોરેટ જગત જીએસટી કાઉન્સિલ દ્વારા દ્વિ-ચક્રિય વાહનોને વેરામાં રાહત આપતો નિર્ણય લેવામાં આવે તેવી આશા રાખતુ હતું. પણ આજે આ અંગે કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. આ અંગે નાણાં પ્રધાન સીતારમણે કહ્યું કે દ્વિ-ચક્રિય વાહનોને વેરામાં ઘટાડો કરવાને લઈ કોઈ નિયત સમય નિર્ધારીત નથી. અલબત જીએસટી કાઉન્સિલની હવે પછીની બેઠકમાં આ અંગે વિચારણા કરવામાં આવી શકે છે. જીએસટી કાઉન્સિલની હવે પછીની બેઠક સપ્ટેમ્બર મહિનામાં યોજાશે.

અરજી ફગાવી... ● પહેલા પાનાનું ચાલુ

જ્યાં પ્રતિબંધ અથવા સાવધાની રાખવામાં આવી શકે.

કોર્ટમાં અરજીકર્તાના વકીલે જગન્નાથપુરી રથયાત્રાની દલીલ કરી હતી. જોકે, સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે તમે સમગ્ર દેશમાં જુલુસ કાઢવાની મંજૂરી માંગી રહ્યા છો. જગન્નાથપુરી યાત્રા એક ખાસ જગ્યા પર થાય છે અને જ્યાં રથ એક જગ્યાએથી બીજી જગ્યાએ જાય છે. જો કોઈ એક જગ્યાની વાત હોત તો અમે જોખમનું આકલન કરીને આદેશ આપી શકતા હતા.

એસસી/એસટી... ● પહેલા પાનાનું ચાલુ

બેન્ચે કહ્યું કે ૨૦૦૪ ના ચુકાદામાં યોગ્ય નિર્ણય લેવામાં આવ્યો નથી અને રાજ્યો એસસી / એસટીમાં સબક્લાસ જ્ઞાતિઓ માટે કાયદો બનાવી શકે છે. આ અપીલો પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના નિર્ણય બાદ દાખલ કરવામાં આવી હતી. આ નિર્ણયમાં, પંજાબ અનુસૂચિત જાતિ અને પછાત વર્ગ (સેવાઓમાં આરક્ષણ) અધિનિયમ, ૨૦૦૬ ની કલમ ૪ (૫) રદ કરવામાં આવી હતી. આ અંતર્ગત સીધી ભરતીમાં અનુસૂચિત જાતિ માટેની અનામત ખાલી જગ્યાઓમાંથી ૫૦ ટકા જો વાલ્મીકી અને ધાર્મિક શીખને પ્રથમ પસંદગી તરીકે આપવાની જોગવાઈ હતી. આ જોગવાઈને ગેરબંધારણીય ગણાવીને પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે ઈ.વી. ચિન્નૈયા વિ. આંધ્રપ્રદેશ રાજ્ય (૨૦૦૫) ૧ એસસીસી ૩૯૪ પર આધાર રાખ્યો હતો.

બનાસકાંઠામાં કોરોનાના ૯ કેસ

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસ બેકાબુ બની રહ્યો છે. જ્યાં ગુરુવારે વધુ ૯ પોઝિટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૧૧૪૯ પહોંચી ગઈ છે.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનું સંક્રમણ દિન પ્રતિદિન વધી રહ્યું છે. સ્થિતિ કાબુ બહાર જઈ રહી છે. કોરોના બેકાબુ બની રહ્યો છે. આવી સ્થિતિમાં ગુરુવારે એક જ દિવસમાં વધુ ૯ પોઝિટિવ કેસ નોંધાયા છે. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૧૧૪૯ પહોંચી ગઈ છે. આ અંગે આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે, ડીસા ૫, વડગામ ૧, ભાભર ૧, લાખણી ૧ અને કાંકરેજમાં ૧ કેસ નોંધાયો હતો. પોઝિટિવ દર્દીઓને સારવાર અર્થે તાત્કાલિક કોવિડ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યારે એમના સંપર્કમાં આવેલા લોકોને હોમ કોરેન્ટાઈન કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જિલ્લામાં કોરોનાથી મૃત્યુઆંક ૫૧ થવા પામ્યો છે.

અમદાવાદ સેન્ટ્રલ જેલમાં કેદી પાસેથી મોબાઈલ મળ્યો

અમદાવાદ,તા.૨૭

જેલમાંથી મોબાઈલ ફોન મળવાનો સિલસિલો યથાવત છે. અમદાવાદની સાબરમતી જેલમાંથી ફરી એકવાર મોબાઈલ ફોન મળી આવ્યો છે. પાકા કામનો કેદી રાહુલ ત્રિવેદી મોબાઈલ ફોન મુકતા સીસીટીવીમાં કેદ થયો હતો. જેથી કેદી સામે રાણીપ પોલીસ સ્ટેશનમાં ગુનો નોધવામાં આવ્યો છે. સાબરમતી સેન્ટ્રલ જેલમાંથી વધુ એક મોબાઈલ ફોન મળી આવ્યો છે. પાકા કામના કેદીના બેરેકમાંથી પેપરમાં સંતાડેલ મોબાઈલ ફોન અને ચાલુ સીમકાર્ડ મળી આવ્યા હતા. જે મામલે પાકા કામના કેદી સામે રાણીપ પોલીસ સ્ટેશનમાં ગુનો નોધવામાં આવ્યો છે.સાબરમતી જેલના જેલર ભયજીભાઈ રાઠવાએ ફરિયાદ નોધાવી છે કે, તેઓ અન્ય સ્ટાફ સાથે જેલમાં ઝડતીની કાર્યવાહી કરી રહ્યાં હતાં, ત્યારે સપાસ બડા ચક્કર યાર્ડ નંબર-૨ના બેરેક નંબર-૨૨માં અંદરના ભાગે પાકા કામના કેદીઓની અંગ ઝડતી કરી હતી, ત્યારે બિસ્તર સર સામાનની ચકાસણી કરતા બેરેકના મંદિર પાસેના બારીમાંથી ન્યૂઝપેપરમાં સંતાડેલો મોબાઈલ ફોન અને સીમકાર્ડ મળી આવ્યાં છે.મોબાઈલ મળ્યા બાદ કેદીઓની પૂછપરછ કરવામાં આવી હતી, ત્યારે કોઈ કબૂલાત કરી નહોતી. જેથી સીસીટીવી ફૂટેજ તપાસવામાં આવ્યા હતાં, ત્યારે પાકા કામનો કેદી રાહુલ ત્રિવેદી મોબાઈલ ફોન મુકતો દેખાયો હતો. જેથી રાહુલ નામના કેદી સામે રાણીપ પોલીસ સ્ટેશનમાં ગુનો નોધવામાં આવ્યો હતો.

કોરોના બેકાબૂ... ● પહેલા પાનાનું ચાલુ

સ્પષ્ટ થાય છે કે ગુરૂવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના ૭૨૫૯૯૧ એક્ટિવ કેસ છે.

દુનિયાભરમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૨૪૧૭૫૭૧૪ કેસ નોંધાઈ ચૂક્યા છે. જેમાંથી ૮૨૫૬૮૭ લોકોના મોત નિપજ્યા છે જ્યારે ૧૫૭૯૩૫૧૬ લોકો સ્વસ્થ્ય થવામાં સફળ થયા છે. સમગ્ર દુનિયામાં અત્યારે ૭૫૫૬૫૧૧ કેસ એક્ટિવ છે. સતત વધી રહેલા કેસના કારણે દુનિયામાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં પહેલા સ્થાન પર અમેરિકા, બીજા સ્થાન પર બ્રાઝિલ, ત્રીજા સ્થાન પર ભારત અને ચોથા સ્થાન પર રશિયા છે.